# નેતાઓમાં ન માયા-મમતા, ન શરમ, પરિણામે

હોલિવૂડના દિગ્દર્શક ડેની બોયલે મુંબઈની ધારાવી અને જુહુની કુખ્યાત ઝૂંપડપટ્ટીની પાર્શ્વભૂમિમાં 'સ્લમડોગ મિલિઓનર' ફિલ્મ 2008માં બનાવી. ફિલ્મને આઠ ઓસ્કર એવોર્ડ્સ મળ્યા. બીજા અનેક બાફટા અને ગોલ્ડન ગ્લોબસ એવોર્ડ મળ્યા. ફિલ્મનાં કલાકારો દેવ પટેલ, ફ્રેઈડા પિન્ટો, રૂબીના અલી વગેરે હોલિવૂડમાં સ્ટાર બની ગયાં અને ધારાવીને અને મહાનગરોની બીજી અનેક ઝૂંપડપટ્ટીઓ હજી ત્યાંની ત્યાં છે. વધુ મોટી અને ગીચ બની છે. ફિલ્મના નિર્માણ અને તેની સફળતા બાદ, અનેક લોકો એમ વિચારતાં હતાં કે ભારતના લોકોના ઝૂંપડપટ્ટીમાંના શ્વાન જેવાં જીવન (સ્લમડોગ) બાબતે આપણા દેશના નેતાઓ અને પ્રજા શરમ અનુભવશે પરંતુ લોકોએ ફિલ્મના વખાણ કર્યા અને જાણે કે કોઈક ગૌરવ લેવા જેવી વાત હોય તેમ ધારાવીને એશિયાની તો કોઈક દુનિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી હોંશે હોંશે ગણાવી રહ્યા છે. કોઈ એમ વિચારતું નથી કે આ ફિલ્મો અને મુંબઈની માનવોથી ખદબદ તસવીરો સાથે ઝૂંપડપટ્ટી વિષેના લેખો, વિડિયો વગેરે ભારતની પ્રજાને, સરકારને અને સરકારના શહેરી આયોજનને ખૂબ હીણાં ચીતરે છે. એક એવું ચિત્ર ઊભું થાય છે કે ભારતની પ્રજા વ્યવસ્થિતપણે જીવી શકતી નથી.



ભારતમાં, કેનિયા (નૈરોબી), યુગાન્ડા વગેરે દેશોમાં અંગ્રેજોનાં શાસન હતાં ત્યારે એક પણ ઝૂંપડપટ્ટી ન હતી. જવાહરલાલ નહેરુ વડા પ્રધાન હતા એ સમયમાં જ ઝૂંપડપટ્ટીઓ ઊગવાની શરૂઆત થઈ ચૂકી છે. ત્યાર બાદ વસતિમાં બેફામ વધારો થયો. શહેરો ગંજાવર બનવા માંડ્યાં. શહેરના વિકાસ માટે પણ કોઈ દૂરદષ્ટિ નહીં. કોઈ નિયમો નહીં. નિયમો હોય તો પણ ભ્રષ્ટાચારનો ભોગ બને. આપણા દેશના લોકોને આપણી જ સુખાકારીનું આયોજન કરતાં આવડતું નથી. આવડે તો ઈચ્છા હોતી નથી. તેઓને વિદેશોમાંનું આયોજન ગમે છે તેથી પશ્ચિમમાં જઈને સ્થાયી થવાની તકો શોધતાં રહે છે અને તે માટે ન કરવા જેવા પ્રયત્નો અને ગોરખધંધા પણ આચરે.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

શા માટે નગરોનું આયોજન પ્રજાભિમુખ હોતું નથી?જવાબ એ છે કે લગભગ અશિક્ષિત અને સ્વાર્થલોલુપ નેતાઓને નિયમાનુસાર કામ કરવામાં કોઈ ફાયદો મળતો નથી. નિયમો તોડે એટલે તત્કાલ મોટો ફાયદો મળે. શહેરોને મોટાં બનવા દો. ગીચ બનાવો ગૂગલ મેપ પણ સાચો રસ્તો નક્કી કરવામાં ભૂલ ખાઈ જાય છે. મોટર ઉદ્યોગ વિકસાવવો છે. વાહન ખરીદવા માટે ઓછા વ્યાજે હપ્તાવાળી લોન મળે છે પણ પાર્કિંગની વ્યવસ્થા ક્યાં? નિયમોની ઐસીતૈસી કરી પાર્કિંગની સુવિધાઓ વગર સોસાયટીઓ લાખો અને કરોડોની સંખ્યામાં ઊભી થઈ છે. પોતાના ફ્લેટ અને બંગલાઓ માટે સફાઈ કામદારો, ઘરમાં કામવાળી સ્ત્રીઓની જરૂર પડે. કારીગરોની જરૂર પડે. તેઓના અસ્તિત્વ માટે નાનાં તો નાનાં પણ પાકાં અને સ્વચ્છ મકાનોની જોગવાઈઓ કરવાને બદલે શહેરની વચ્ચોવચ્ચ રહેવાની જગ્યા શોધવાની જવાબદારીએ નિરાધાર લોકો પર છોડી દેવામાં આવી. દેશમાં આયોજન પણ એવું કરવામાં આવ્યું છે કે લોકોને મોટાં શહેરોમાં જ રોજગારીધંધા મળે. જેઓ સરકારી કે કોઈ અન્યની જમીનો પચાવી પાડી ઝૂંપડપટ્ટીનો ડોન કે માફિયા બની જાય તેને રાજકીય પક્ષો અને એ રીતે સરકાર તરફથી ઓથ મળતી હોય છે. આ પ્રકારની ઝૂંપડપટ્ટીઓ અથવા સ્લમ અનેક પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓના અડ્ડા બની જાય છે. હમણાં અમદાવાદની ચંડોળા ઝૂંપડપટ્ટીમાં નવેક હજાર ગેરકાયદે મકાનો અને ઝૂંપડપટ્ટીઓ તોડી પાડવામાં આવી. હજી તેનાથી પણ મોટી કેટલીક ઊભી છે. પાટનગર ગાંધીનગરની બાજુમાં દાયકાઓથી આવડી મોટી સ્લમ વસાહત ઊભી હતી અને કોઈનું ધ્યાન ન ગયું? ધ્યાન ન જવા માટે પણ ચૂકવણી થઈ હોય છે. ઉત્તરપ્રદેશમાં કે મુંબઈની હાર્બર ટ્રેન લાઈન પર ઝૂંપડપટ્ટીનો પેસારો એટલી હદે થઈ ગયો. ઝૂંપડપટ્ટીની સાંકડી અને નીચી મેડી પર બેઠેલી વ્યક્તિ સાથે ટ્રેનમાં બેસીને વાતચીત કરી શકાય. હોલિવૂડમાં આવા સેટ હોય નહીં અને બને પણ નહીં તેથી ત્યાંના ફિલ્મ નિર્માતાઓને ધારાવી કે દિલ્હી, કોલકોતાની ઝૂંપડપટ્ટીઓમાં વગર ખર્ચે તૈયાર ફિલ્મી-સેટ મળી જાય છે. ધારાવીમાં તો અત્યંત બદબૂદાર વહેતી ગટર પર લાકડાની કેબિન બાંધીને વસતાં લોકો જોવા મળે.

**દિલ્હીમાં પણ સ્લમ કોલોનીઓના રાફડા ફાટયા છે. વરસાદનાં પાણી ભરાઈ જવા અને ગટરો સાથેનું ગંદું પાણી સર્વત્ર ફેલાઈ જવું, આગ લાગે ત્યારે હંગામી બાંધકામો ભડભડ બળી જાય, જગ્યાના અભાવે ફાયર ફાઈટર ટ્રકો આગની જગ્યા સુધી પહોંચી ન શકે, લોકોની વીજળીના શોક લાગી જાય**

દિલ્હીમાં પણ સ્લમ કોલોનીઓના રાફડા ફાટયા છે. વરસાદનાં પાણી ભરાઈ જવા અને ગટરો સાથેનું ગંદું પાણી સર્વત્ર ફેલાઈ જવું, આગ લાગે ત્યારે હંગામી બાંધકામો ભડભડ બળી જાય, જગ્યાના અભાવે ફાયર ફાઈટર ટ્રકો આગની જગ્યા સુધી પહોંચી ન શકે, લોકોની વીજળીના શોક લાગી જાય. દારૂ અને જુગારના અડ્ડાઓ ઠેર ઠેર હોય, સંસ્કારની કોઈ વાત ન હોય. પ્રોસ્ટીટયુશન રેકેટો ચાલે, ખંજરબાજી, દાદાગીરીના વાતાવરણ અને પરિવેશ બાળકોનાં ઉછેર અને શિક્ષણ પર કાયમી બૂરી અસર પાડે છે. જેમ દરિયાકાંઠે અફાટ સમુદ્ર નજરે પડે છે તેમ દિલ્હીમાં અફાટ નજરે ચડતી ઝૂંપડપટ્ટીઓ પેદા થઈ છે. આપણે ગાંધીનગરની વાત કરતાં હતાં પણ આ તો દેશનું પાટનગર. કેજરીવાલ મંડળીએ વોટ બેન્ક ઊભી કરવા ઝૂંપડપટ્ટીઓ ઊભી કરી. દેશભરમાં રેલવેતંત્ર પાસે બેસુમાર ખુલ્લી જમીન રેલવે ટ્રેકને અડીને પડેલી છે. મોટાં શહેરો નજીક રેલવે ટ્રેક પર લોકો એટલા માટે વસી જાય છે કે સ્ટેશન નજીક પડે અને કામકાજના સ્થળે પહોંચી શકે.

દિલ્હીમાં સ્થિતિ એટલી ખતરનાક બની છે કે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા રક્ષિત જાહેર કરવામાં આવેલાં પ્રાચીન બાંધકામો અને સ્મારકોમાં લોકો ઘૂસીને વસવા માંડયા. દિલ્હી, મુંબઈ જેવાં શહેરોમાં વસતિ વિસ્ફોટ એ હદે થયો છે કે શહેર હવે તેને સમાવી શકે એવી સ્થિતિમાં નથી. મુંબઈ અને તેની આસપાસનો શહેરી વિસ્તાર કયાં કયાં સુધી ફેલાયલો છે તે મુંબઈમાં પેઢીઓથી વસતાં લોકો પણ બરાબર જાણતા નથી. મેટ્રો અને સબર્બન રેલવે લાઈનનાં નવાં સૌથી વધુ સ્ટેશનો છેલ્લાં પચ્ચીસ વરસમાં અસ્તિત્વમાં આવ્યાં છે. સેંકડો અને હજારો કરોડો રૂપિયાના પ્રોજેક્ટસ સતત ચાલતાં રહે. આ પ્રકારની આજીવન તકલીફોનો ફાયદો આખરે કયારે અને કઈ પેઢીને મળશે? આ સવાલ મુંબઈના નાગરિકો પૂછી રહ્યા છે.

મોટરગાડીઓ છે પણ તે માટેના રસ્તા નથી. દિલ્હીમાં એમસીડીના માફિયાએ લગભગ દરેક રસ્તાને ગેરકાયદેસર પાર્કિંગ પ્લોટમાં ફેરવી નાખ્યા છે. ભારતીય મહાનગરોમાં પ્રદૂષણની સમસ્યા જગજાહેર છે. દુનિયામાં પ્રદૂષિત હવા ધરાવતા પ્રથમ દસ શહેરોમાં મોટા ભાગનાં ભારતનાં જ શહેરો છે.

એ પ્રદૂષણ ઘોંઘાટ વચ્ચે સુરત મહાપાલિકા હવે ઓવરબ્રીજની નીચે પુલ ગેમ્સ, ટેબલ ટેનિસ વગેરે રમાડશે! ખરાબ ટાઉન પ્લાનિંગનું આ પરિણામ છે. છતાં લોકો સુલભ શૌચાલયમાં રસોઈ રાંધવા આવી જાય તેની સરખામણીમાં આ પ્રવૃત્તિ સારી છે. હમણાં એક અખબારે સતસવીર અહેવાલ છાપ્યો હતો કે મુંબઈના રેલવે સ્ટેશનોની બહાર ગેરકાયદેસર હોટેલો, સ્ટોલ, ફેરિયા, ગાયો, જાનવારો, રિક્ષાઓ અને અન્ય અડચણો એટલા પ્રમાણમાં છે કે સ્ટેશનમાંથી બહાર નીકળીને આગળ વધવાનું કે સ્ટેશનમાં પ્રવેશવાનું મુશ્કેલ બની ગયું છે.

આવી અધોગતિઓ અનેક છે. આભ ફાટયું છે ત્યાં કયાં થીગડું મારવું? મારી શકાય જો એ અનુભવ કે અહેસાસ થતો હોય કે આભ ફાટ્યું છે. એવો કોઈ રંજ જ નથી, તો ખરખરો શેનો કરવો? છતાં ભાજપ સરકાર, વિપક્ષોના વિરોધ અને પ્રપંચો ધારાવીની ઝૂંપડપટ્ટીને આયોજનપૂર્વકના એક શહેરમાં બદલવા જઈ રહી છે. ઉદ્ધવ ઠાકરેનો માતોશ્રી બંગલો ધારાવીથી ખાસ દૂર નથી. અંબાણી અને બીજી કંપનીનાં હેડકવાર્ટરો, ઈન્ટરનેશનલ સ્કૂલ વગેરે માતોશ્રીની નજીક છે પરંતુ લાંછન ગણાતી આ ઝૂંપડપટ્ટીની અદાણી જૂથ કાયાપલટ કરવા માટે આગળ વધી રહી છે. ત્યારે ઠાકરે અને એમના મળતિયાઓ તે નવી યોજનાનો વિરોધ કરી રહ્યા છે. ધારાવીના લોકોમાં અફવાઓ ફેલાવી રહ્યા છે. સારા આવાસો અને સગવડતામાં વસે તેમાં વિશાળ બંગલાના માલિકને એટલા માટે વાંધો છે કે આ પ્રોજકટ એનડીએ સરકાર લાવી છે. આ છે આપણા નેતાઓ પછી આભ ફાટે અને વધુ ફાટે અને વધુ ફાટે.

## લોકસભામાં પ્રિયંકા ગાંધી વાડ્રાનું ભાષણ

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભામાં ઓપરેશન સિંદૂર પર જોરદાર ભાષણ આપીને બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. આ ભાષણ એક પણ વાર ભૂલ કર્યા વિના શુદ્ધ હિન્દીમાં આપ્યું! તેમના ભાષણની રાજકીય દળોએ પ્રશંસા કરી અને એટલું જ નહીં, ભાજપના સાંસદોએ પણ ખાનગીમાં સ્વીકાર્યું કે



તેઓ તેમની રજૂઆતની પરિપક્વતા અને ગંભીરતાથી આશ્ચર્યચકિત થયા છે. પ્રિયંકાએ આ પ્રસંગને અનુરૂપ સિંદૂર રંગની પ્રતીકાત્મક લાલ સાડી પહેરી હતી. તેમણે કોઈ મોટાં નિવેદનો આપ્યાં નહીં. તેમણે પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા 26 પ્રવાસીઓની હત્યા કરવામાં આવી ત્યારે પીડિતો અને તેમના પરિવારો પર પડેલા દુઃખ અને શોક પર વાત કરી. જ્યારે તેમણે પીડિતોના નામોની યાદી વાંચી સંભળાવી ત્યારે ભાજપના સાંસદોએ દાવો કર્યો કે તેઓ હિન્દુ હતા, વાડ્રાએ સંયમ જાળવી રાખ્યો. તેમણે કડક શબ્દોમાં ઠપકો આપ્યો અને કહ્યું કે, તે બધા ભારતીય હતા. તેમના ગંભીર સ્વર અને સહાનુભૂતિની અભિવ્યક્તિએ હુમલા તરફ દોરી જતી ગુપ્તચર નિષ્ફળતા માટે સરકારની તેમની કડક ટીકાનો પ્રભાવ કોઈ પણ રીતે ઓછો કર્યો નહીં. તેમણે ટ્રેઝરી બેન્ચને યાદ અપાવ્યું કે, ભલે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ભૂલો માટે જવાબદારી લીધી હોય પરંતુ મોદી સરકારે તેને નજરઅંદાજ કરી છે. ન કોઈને સજા કરવામાં આવી, ન કોઈ કાર્યવાહી થઈ.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## જયા બચ્ચને 'ઓપરેશન સિંદૂર' નામ પસંદ કરવાની ટીકા કરી

બોલિવૂડ અભિનેત્રી અને સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચન ઓપરેશન સિંદૂર પર રાજ્યસભાની ચર્ચા દરમિયાન ગુસ્સે હતા. તે ઘણી વખત ગુસ્સે થયાં છે. માત્ર ભાજપના સાંસદો પર જ નહીં, પરંતુ ઇન્ડિયા ગઠબંધનની સહયોગી શિવસેના (યુબીટી)ના પ્રિયંકા ચતુર્વેદી પર પણ ભડક્યા. જે ગુસ્સે ભરાયેલા જયાજીને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે બચ્ચને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સ્થિત આતંકવાદી શિબિરો પર ભારતના જવાબી હુમલા માટે 'ઓપરેશન સિંદૂર' નામ પસંદ કરવાની ટીકા કરી



ત્યારે હોબાળો મચી ગયો. બચ્ચને કહ્યું કે, આ નામ જ ખોટું છે. કારણ કે આતંકવાદીઓએ તે મહિલાઓના સિંદૂર ભૂંસી નાખ્યા હતા જેમના પતિઓની 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા ક્રૂર હુમલામાં હત્યા કરવામાં આવી હતી. ભાજપના સાંસદો ઊભા થઈને સતત તેમને અટકાવી રહ્યા હતા અને તેમના પર હુમલો કરી રહ્યા હતા. બચ્ચન સ્પષ્ટપણે વધુ ગુસ્સે થઈ ગયા. કારણ કે તેઓ તેમને બોલવા દેતા ન હતા. જ્યારે ચતુર્વેદીએ તેમને શાંત કરવા માટે દરમિયાનગીરી કરી ત્યારે બચ્ચને તેમના પર પણ હુમલો કર્યો અને તેમને કડક આદેશ આપ્યો કે, તેઓ તેમને નિયંત્રિત ન કરે. ચતુર્વેદી શરમજનક હાસ્ય સાથે ચૂપ થઈ ગયા. જોકે, બચ્ચન કોઈપણ રીતે પોતાની વાત રજૂ કરવામાં સફળ રહ્યા અને તેમણે સરકાર પર ગુપ્તચર નિષ્ફળતા અને લોકોને સુરક્ષિત રાખવામાં અસમર્થ હોવાનો આરોપ લગાવ્યો.

*****************************************

## બળવાખોર કોંગ્રેસી થરૂર અને તિવારીને ગુસ્સો કરવાની તક મળી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર 'મૃત અર્થતંત્ર' તરીકે કરાયેલા તાજેતરના હુમલાથી બળવાખોર કોંગ્રેસના સાંસદો શશી થરૂર અને મનીષ તિવારીને ઓપરેશન સિંદૂર પર લોકસભાની ચર્ચા દરમિયાન



બોલવાની મંજૂરી ન મળવા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરવાની તક મળી. બંનેએ આ વિવાદ પર પોતાની પાર્ટીથી વિરોધાભાસી વલણ અપનાવ્યું, જેનાથી તેમને થોડી ક્ષણ માટે સંતોષ મળ્યો. કારણ કે, કોંગ્રેસના નેતાઓએ તેમની ટિપ્પણીઓને ઓછી આંકવાનો પ્રયાસ કર્યો. થરૂરે મોદી સરકારનો બચાવ કર્યો અને ટ્રમ્પ પર પ્રહારો કર્યા, જ્યારે તિવારીએ હસીને કહ્યું કે, ટ્રમ્પની ટિપ્પણી ભારતીય સ્વાયત્તતા માટે એક શ્રદ્ધાંજલિ છે.તેમની વાત કોંગ્રેસ અને રાહુલ ગાંધી દ્વારા લેવામાં આવેલા વલણથી અલગ હતી, જેમણે વાસ્તવમાં ભારતીય અર્થતંત્રની સ્થિતિ વિશે 'સત્ય' બોલવા બદલ અમેરિકન રાષ્ટ્રપતિની પીઠ થપથપાવી હતી. થરૂર અને તિવારી બંનેને ઓપરેશન સિંદૂર પર બોલવાથી રોકવામાં આવ્યા હતા. જોકે, તેઓ પાકિસ્તાન સામે ભારતની કાર્યવાહી માટે સમર્થન મેળવવા માટે મોદી સરકાર દ્વારા વિદેશ મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળનો ભાગ હતા.

**સટ્ટાક — કમલ**




# થેલિયમ ઝેરથી જમાઈ બન્યો સાક્ષાત યમરાજ

**પોલીસની જાહેરાત મુજબ વરુણે ડાર્ક નેટ થકી થેલિયમની ઓનલાઇન ખરીદી કરી હતી. પોતાની ઓળખ છાની રાખવા માટે ડાર્ક નેટનો ઉપયોગ કર્યો હતો. આ સોદા પેટે તેણે રૂ. 22 હજારની ઓનલાઇન ચુકવણી કર્યાનુ બહાર આવ્યું છે**

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**


એક જ પરિવારમાં ગણતરીના દિવસોમાં 3 મોત થાય એટલે પોલીસ હરકતમાં આવે જ. તરત જ જમાઈરાજ વરુણ અરોડા પોલીસના રડારમાં આવી ગયો. પોલીસે સૌથી પહેલાં ઘરમાં દરોડો પાડ્યો. જપ્ત કરેલું લેપટોપ વરુણને જેલભેગો કરવાનો રસ્તો બતાવવાનું હતું. બ્રાઉઝિંગ હિસ્ટરીમાં થેલિયમ ઝેર સંબંધી માહિતી મેળવ્યાનું સ્પષ્ટ થયું. એમાં માહિતી હતી કે ઈરાકના પ્રમુખ સદ્દામ હુસૈન પોતાના વિરોધીઓને મોતને ઘાટ ઉતારવા માટે થેલિયમનો ઉપયોગ કર્યો હતો. વરુણના ઘરમાંથી સદ્દામ હુસેન પરનું પુસ્તક પણ મળી આવ્યું.



ઈરાકી સરમુખ્ત્યાર સદ્દામે પોતાના સુવર્ણકાળ દરમિયાન એટલે કે 20મી સદીના આખરી તબક્કામાં પોતાની ખાનગી પોલીસ 'મુખબરાત' થકી ઘણા વિરોધીઓની થેલિયમ ઝેર આપીને હત્યા કરાવી હતી. થેલિયમનો ઈતિહાસ ઝેરીલો અને જીવલેણ છે. ફ્રાંસમાં 1960ના દાયકામાં એક આગેવાનનું આનાથી કાસળ કાઢી નંખાયું હતું. ક્યુબાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ફિડલ કાસ્ટ્રોને મારી નાખવા અમેરિકાએ ઘણી વાર થેલિયમવાળી કરી હતી. હા, એક રસપ્રદ કિસ્સો જાણવા જેવો છે. સસ્પેન્સની મહારાણી ગણાતી લેખિકા અગાથા ક્રિસ્ટીની નવલકથા 'ધ પેલ હોર્સ'માં કરાયેલા થેલિયમ ઝેરના સવિસ્તાર વર્ણનને પ્રતાપે લેખિકાના અવસાનના 18 મહિના બાદ એક 19 મહિનાની બાળકીને જીવનદાન મળ્યું હતું.

થેલિયમમાં એવું તે શું છે કે વરુણ સહિતના એના ઉપયોગ માટે લલચાયા? એ એક ધીમું ઝેર છે જે શરીરમાં ધીરેથી પ્રસરીને જીવ લે છે. નથી એનો રંગ કે નથી કોઈ સ્વાદ. શરીરમાં પ્રવેશ કર્યાના 48 કલાકમાં, એના શિકારમાં માથાના દુખાવા, ઊલટી, ડાયરિયા અને વાળ ખરવા જેવાં લક્ષણ દેખાય છે. થોડા દિવસમાં નર્વસ સિસ્ટમને નુકસાન કરવા માંડે. માંસપેશીઓ નકામી થઈ જાય. સ્મરણશક્તિ ઘટવા માંડે. પછી માણસ કોમામાં સરી જાય અને ત્રણેક અઠવાડિયાંમાં એના જીવન પર પૂર્ણવિરામ મુકાઈ જાય.

પત્નીએ પોતાની અને મમ્મીની ઇચ્છા વિરુધ્ધ જઈને ગર્ભપાત કરાવી લીધો એટલે વરુણ ભયંકર ગિન્નાયો હતો. એ સૌને બતાવી દેવા તલપાપડ થઈ રહ્યો હતો. આ જીવલેણ પાઠ ભણાવવા માટેના જીવલેણ પણ સલામત રસ્તા માટેની શોધ વરુણને થેલિયમની જાણકારી સુધી દોરી ગઈ પણ થેલિયમ ઝેર મેળવવું ક્યાંથી અને કેવી રીતે?



પોલીસની જાહેરાત મુજબ વરુણે ડાર્ક નેટ થકી થેલિયમની ઓનલાઈન ખરીદી કરી હતી. પોતાની ઓળખ છાની રાખવા માટે ડાર્ક નેટનો ઉપયોગ કર્યો હતો. આ સોદા પેટે તેણે રૂ. 22 હજારની ઓનલાઈન ચૂકવણી કર્યાનું બહાર આવ્યું છે.

વરુણને થેલિયમ ઝેરની ડિલિવરી આપનારો શખ્સ દિલ્હી બહારનો હોવાનું પોલીસનું માનવું હતું. કદાચ આ માણસ કે એની ગેંગ થેલિયમ સહિતની અને પ્રતિબંધિત જોખમી ચીજોનો સપ્લાય પણ કરતી હોઈ શકે.

બસ આ થેલિયમ મેળવ્યા બાદ વરુણની આંખમાં જ નહીં તન-મનમાં વેર-વેરનું ઝેર બૂમબરાડા પાડવા માંડ્યું. તેણે થેલિયમ નાખીને માછલી રાંધી જે પોતે ન ખાધી અને સંતાનોને ન ખાવા દીધી.

આ થેલિયમ સાસુ અનીતા, સાળી પ્રિયંકા અને પત્ની દિવ્યાને ભરખી ગયો. સસરા દેવેન્દ્ર મોહન શર્મા ભલે બચી ગયા પણ તેઓ પોતાને નસીબદાર નહિ જ માનતા હોય. કયો કાળા માથાનો માનવી કુટુંબના ત્રણ સ્વજનના અકાળે મોતથી નિરાંતે જીવી શકે?

વરુણ અરોડાએ પરફેક્ટ લાગે એવું પ્લાનિંગ કર્યું હતું. પોતે ક્યારેય નહિ પકડાય એવી એની માન્યતા હતી, જે સાવ ખોટી પડી. એને તો ત્યાં સુધી ખાતરી હતી કે પોતાના પર કોઈને શંકા સુધ્ધાં નહિ જાય. આ વિશ્વાસના જોરે તો ભાગ્યે જ સાસરે જતો. વરુણ 31મી જાન્યુઆરીએ ખુદ થેલિયમ મિશ્રિત માછલી લઈને પહોંચી ગયો હતો પરંતુ ડાર્કનેટની ઉપરછલ્લી અને ઈન્ટરનેટમાં જાણકારીને લીધે એને ભાન ન રહ્યું કે પોતાના ગુનાનાં પગલાં પાછળ છોડી રહ્યો હતો.

વરુણ અરોડાને પત્ની પર જરાય પ્રેમ નહિ હોય કે એનો અહમ શું બળૂકો સાબિત થયો? મૃત પિતાના પત્નીના ગર્ભ થકી પુનરાગમનને શું ગંભીરતાની લીધું, પણ પત્ની પરના જીવલેણ જોખમની દરકાર ન કરી એ તે કેવો પતિ? વરુણની માતાએ સ્ત્રી હોવા છતાં પુત્રવધૂની સ્થિતિ ન સમજી અને જોખમ છતાં સંતાનના જન્મ માટે અડગ રહી. સ્ત્રી જ બનીને સ્ત્રીની દુશ્મન?

અગાઉ સારવાર દરમિયાનના રિપોર્ટમાં અનીતા શર્મા અને દિવ્યાના બ્લડ ટેસ્ટમાં થેલિયમની હાજરી છતી થઈ ગઈ હતી. એમાંય સાસુ અનીતાના પોસ્ટમોર્ટમમાં તો થેલિયમ ઝેર ભારે પ્રમાણમાં મળી આવ્યું હતુ. પોલીસ સક્રિય થયા બાદ વરુણની ધરપકડ થઈ. પોતાનો ગુનો કબૂલ કરવા સિવાય એની પાસે વિકલ્પ નહોતો.

બે બાળકો સાવ નોધારાં અને અનાથ થઈ ગયાં. બાપ જેલ ભેગો થઈ ગયો ને એ બહાર આવશે? ક્યારે? ત્યાં સુધી બે માસૂમ પાસે નથી મમ્મી, નથી નાની કે નથી નાની.

માત્ર નાનાનો સાથ, સ્નેહ, ઉછેર મળશે. પણ એક તો નાનાની ઉંમર અને વળી ગયેલી કમર પર ત્રણ અકાળ મોતનો બોજ રહેવાનો જ. આજે એ 65 વર્ષના વૃધ્ધના મન પર શી વીતતી હશે એ સમજી શકાય પણ શબ્દોમાં વર્ણવી ન શકાય.

આ કમકમાટીભરી ઘટનાની પડખે અમુક પ્રશ્નો જવાબ માંગી રહ્યા છેઃ થેલિયમ પ્રતિબંધિત આઈટમ છે અને ખુલ્લા બજારમાં મળતી નથી.

ખરીદી, વેચાણ અને ડિલીવરી બધું ગેરકાયદે છે, દંડનીય અપરાધ છે. આમ છતાં વરુણ અરોડાએ થેલિયમ મેળવી લીધું અને વરુણ એકલો નથી.

ભારતમાં- ખાસ તો ઉત્તર ભારતમાં અગાઉ પણ કેટલાક આવા કિસ્સા પોલીસ ચોપડે ચડેલા છે. આ માટે સરકારી અને પોલીસ વ્યવસ્થાને વધુ સખત બનાવવાની જરૂર છે. કોઈ અક્કલમંદો તે અક્કલ થકી આવા રંગહીન, સ્વાદહીન, ઝેરીલા પ્રવાહીને હથિયાર બનાવીને અન્યના જીવ ન લે એની જોગવાઈ કરવી અનિવાર્ય છે.